# બહારથી કઠોર પરંતુ અંદરથી અતિ મૃદુ શ્રીફળ



સજ્જનો નારિયેળના ફળ જેવા હોય છે. જ્યારે બીજાઓ બોરની માફક બહારથી જ મનોહર દેખાય છે.

સમાજનો બહુ મોટો વર્ગ બોરનું અનુકરણ કરનારો હોય છે. માણસને સારા બનવા કરતાં સારા દેખાવાનું વધારે ગમતું હોય છે. સારા દેખાવું એ સરળ છે પરંતુ સારા બનવા માટે માણસે કષ્ટ સહન કરવાં પડે છે, ઘસાવું પડે છે. ટૂંકમાં કહેવું હોય તો આજનો કાળ વ્યકિતત્વ-પૂજાનો છે, નહિ કે ચારિત્ર્ય-પૂજાનો!

નારિયેળ આપણને ચારિત્ર્યપૂજાની પ્રેરણા આપે છે. બાહ્યસૌંદર્યના અભાવથી નાનમ ન અનુભવતાં નારિયેળે પોતાનું આંતરસૌંદર્ય ખીલવી દેખાડ્યું અને એ રીતે ‘શ્રીફળ’નું ગૌરવવંતુ નામ પ્રાપ્ત કર્યું.

બાહ્યસૌંદર્ય મળવું કે ન મળવું એ માનવના હાથની વાત નથી પરંતુ માનવ જો ધારે તો પોતાનું આંતરસૌંદર્ય યથેચ્છ ખીલવી શકે છે. સોક્રેટિસ, ઈસપ કે અબ્રાહમ લિંકન જેવા લોકોએ પોતાનાં વિચારસૌંદર્ય, ગુણસૌંદર્ય કે જીવનસૌંદર્યથી પોતાની બાહ્ય કુરૂપતાને ભુલાવી દીધી હતી. આંતરસૌંદર્ય પાસે બાહ્યસૌંદર્ય ગૌણ બની જાય છે. માણસની પાસે આંતરસૌંદર્ય નીરખવાની આંખ હોવી જોઈએ.

બોર મોઢામાં મૂકતાં જ પહેલાં મીઠાશ અને મુલાયમતાનો અનુભવ થાય છે પરંતુ તેના અંદરના ઠળિયા પાસે કઠોરતા જણાય છે. દુર્જનો બહારથી મીઠા અને મુલાયમ લાગે છે પરંતુ અંત:કરણના કઠોર હોય છે. કમળપત્રના આકાર જેવું મુખ, ચંદન જેવી શીતળ વાણી અને ક્રોધથી સંયુક્ત એવું હૃદય એ ત્રણ, ધૂર્તનાં લક્ષણો છે. એથી ઊલટું, સજ્જનોના સંબંધમાં કે વાણીમાં શરૂઆતમાં નારિયેળની માફક ઉપર ઉપરની કર્કશતા જણાય પણ લાંબે ગાળે એમના સંબંધો નારિયેળના

> **માનવીની સાંસ્કૃતિક પ્રગતિમાં બલિદાન આપનાર પ્રતીક એટલે શ્રીફળ. જીવનમાં આંતરસૌંદર્યનો મહિમા સમજાવનાર પ્રતીક એટલે શ્રીફળ. શ્રીફળ માનવીના મનના વૈભવનું પ્રતીક છે**

પાણી જેવા ભાવભીના અને એમની વાણી કોપરા જેવી પુષ્ટિવર્ધક અને આપણા વિકાસની સાધક હોય છે. નારિયેળની જેમ સજ્જનો પણ બાહ્ય દેખાવનો આગ્રહ ન રાખતા હોવાથી તેમને ઓળખવા બહુ જ કઠણ પડે છે. બહારથી સામાન્ય અને કઠોર વર્તનવાળા લાગતા લોકોને ઓળખવામાં આપણે મોટે ભાગે ભૂલ કરી બેસીએ છીએ. ભવભૂતિએ ઉત્તરરામચરિતમાં કહ્યું છે કે:

વજ્રથી પણ કઠોર અને ફૂલથી પણ કોમળ એવા લોકોત્તર પુરુષોનાં ચિત્તને જાણવા માટે કોણ સમર્થ છે?

બહારથી કઠોર પરંતુ અંદરથી અતિ મૃદુ એવું શ્રીફળ એ મહાપુરુષોની મહાનતા સમજાવનારું પ્રતીક છે. મહાપુરુષો આત્મશાસન કરવામાં વજ્રથી પણ કઠોર હોય છે જ્યારે બીજાને સજા કરવામાં ફૂલથી પણ કોમળ હોય છે. મહાપુરુષો પોતાના કર્તવ્યપાલનના બારામાં પણ નિષ્ઠુર હોય છે. ભાવનાનો મુલાયમ પ્રવાહ તેમને કર્તવ્યની કેડીએથી ચલિત કરવામાં સફળ બનતો નથી. નારિયેળ આપણને ઉત્કૃષ્ટ મનોવૈભવનું દર્શન કરાવે છે. વૈભવ એટલે શ્રી; એ રીતે નારિયેળને ‘શ્રીફળ’ એવું નામ પણ આપવામાં આવ્યું છે. નારિયેળ એટલે કુરૂપતા-સુંદરતા, કઠોરતા-મૃદુતા વગેરેનો સમન્વય. જીવનમાં આવતાં રહેલાં આવાં અનેક દ્વંદ્વોનો જે યોગ્ય સમન્વય સાધી શકે તે જ મહાન બની શકે, તેને જ જીવનમાં સાચી શ્રી સાંપડે. વળી નારિયેળના વૃક્ષનો પ્રત્યેક ભાગ ઉપયોગી છે અને એ રીતે આર્થિક દૃષ્ટિએ પણ લાભ આપનાર એ વૃક્ષના ફળ તરીકે નારિયેળને શ્રીફળ કહેવામાં આવ્યું હોય એ સ્વાભાવિક છે.

# કર્મ મહત્ત્વનું છે, વ્યક્તિ નહીં



## અજવાળાં

દુર્ગેશ ઉપાધ્યાય

સવાર પડતાં જ કૂકડાએ ઊંચા અવાજે બોલવાનું શરૂ કર્યું, “જાગો, જાગો સવાર પડી ગઈ.” ત્યારે આખી રાતથી ટક-ટક કરતી ઘડિયાળે સમયના ડંકા વગાડતાં કહ્યું; “ભાઈ, ઊઠો, સવાર પડી ગઈ છે.”

આ બંનેની વાત એક કાગડો ઝાડ પર બેસી સાંભળી રહ્યો હતો, એણે કહ્યું, “ભાઈ મેં તો તમારા પહેલાં આવીને બધાને કા-કા કરી જગાડી દીધા છે એટલે સવાર તો મારા થકી જ પડી છે.” આમ દરેકને એમ જ લાગતું હતું કે સવાર મારાથી જ પડી છે. કોઈ-કોઈની વાત સ્વીકારવા તૈયાર ન હતું, સોનેરી કિરણો રેલાવતાં સૂરજદેવ આ બધું સાંભળી રહ્યા હતા. તેમણે આ બધાંને કહ્યું; “તમે બધાં જ મૂરખ છો. તમારાથી સવાર નથી પડતી, સવાર તો મારા આવવા થકી જ પડે છે અને હું આવું એટલે તમે તમારું કામ શરૂ કરી દો છો. હું જ ન આવું તો રાતનો અંધકાર છવાયેલો રહેશે અને તમને પ્રકાશ વિના સવાર પડ્યાની ખબર જ કેવી રીતે પડશે? રાત જતાં હું આવું છું અને મારા પ્રકાશથી સવાર થયાનું બધાંને ભાન થાય છે.” પેલાં બધાંને આ સાંભળી સત્યનું ભાન થયું. બધાં કહે, “હા,

> **કુદરતનાં દરેક તત્ત્વો કર્મપ્રધાન છે. ગીતા પહેલાં કર્મનું મહત્ત્વ આ કુદરતનાં તત્ત્વોએ પ્રસ્થાપિત કર્યું છે. એ બધાંનું મહત્ત્વ પણ તેમનાં કર્મ થકી જ છે. એ ક્યારેય અભિમાન કરતાં નથી. ક્યારેય ઝઘડતાં નથી. સૌ પોત-પોતાનું કામ કર્યે રાખે છે એટલે આ જગત ચાલે છે અને માનવી માને છે કે જગત હું જ ચલાવું છું**

વાત તો ખરી છે. અમે તો એમ જ સમજતાં હતાં કે સવાર અમારાથી જ પડે છે!” ખરી હકીકતનું ભાન થતાં બધાંએ પોતાનું અભિમાન છોડી દીધું હતું. બધાં સૂરજદેવને પ્રણામ કરી નમી પડ્યાં.

આ વાત એટલે યાદ આવે છે કે, જીવનમાં કર્મનું મહત્ત્વ છે, વ્યક્તિનું નહીં. કર્મથી વ્યક્તિ મહાન જરૂર બને છે પણ બધાના મૂળમાં કર્મ અગત્યનું છે. કૂકડો ગળું ફાડી ફાડીને ભલે બોલે, કાગડો ય કા-કા કરતો રહે, ઘડિયાળ ચોવીસેય કલાક ટક-ટક કરી ટકોરા પાડતી રહે પણ સૂરજ વગર સવાર નથી પડતી. એમ જીવનમાં કર્મ વિના કશું જ નથી. આ બધાં જ કર્મનો સંદેશો આપે છે. સૂરજને ઉઠાડવા જવું પડતું નથી. એને કોઈ ઢંઢોળીને ઉઠાડતું નથી કે, ભાઈ જાગ, સવાર પડી ગઈ. એ એનો સમય થાય એટલે કામે લાગી જાય છે અને એની કામગીરી - સર્વિસનો સમય પૂરો થાય એટલે ચાલવા માંડે છે. એ જાય કે તરત રાત આવી પહોંચે છે અને રાત્રિ દેવી એનું કર્મ કરે છે. એ શાતા અને શાંતિ બંને આપે છે એટલે પ્રાણી - પશુ - પક્ષી શાંતિથી સૂઈ શકે છે જ્યારે સૂરજ પોતાના દોડવાની સાથે પશુ - પક્ષી - પ્રાણી માત્રને દોડાવે છે. કોઈ ખોરાક શોધવા દોડે છે, કોઈ પૈસો શોધવા દોડે છે. એ પણ કર્મ છે. સૂરજ ક્યારેય અભિમાન કરતો નથી. ક્યારેય મોડો પડતો નથી. હા, એનેય અવરોધ આવે છે પણ પોતે પોતાનું કર્મ કર્યે જ રાખે છે.

કુદરતનાં દરેક તત્ત્વો કર્મપ્રધાન છે. ગીતા પહેલાં કર્મનું મહત્ત્વ આ કુદરતનાં તત્ત્વોએ પ્રસ્થાપિત કર્યું છે. એ બધાંનું મહત્ત્વ પણ તેમનાં કર્મ થકી જ છે. એ ક્યારેય અભિમાન કરતાં નથી. ક્યારેય ઝઘડતાં નથી. સૌ પોત-પોતાનું કામ કર્યે રાખે છે એટલે આ જગત ચાલે છે અને માનવી માને છે કે જગત હું જ ચલાવું છું. અરે એનો ખરો ચાલક તો અદૃશ્ય રહે છે. એણે ક્યારેય કહ્યું નથી, “હું આ જગત ચલાવું છું.” ભાઈ, અભિમાન છોડી કર્મ કર્યે જાવ, કર્મથી જ મહાનતા સાબિત થશે.



## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા. ૨૩ થી તા. ૨૯ જૂન-૨૦૨૫

**તા. ૨૩ સોમવાર**
જેઠ વદ તેરસ સોમ પ્રદોષ, શિવરાત્રી

**તા. ૨૪ મંગળવાર**
જેઠ વદ ચૌદશ

**તા. ૨૫ બુધવાર**
જેઠ વદ અમાસ, દર્શ અમાસ, અન્વાધાન

**તા. ૨૬ ગુરુવાર**
અષાઢ સુદ એકમ, કચ્છી, હાલારી, અષાઢી વર્ષ પ્રારંભ, ચંદ્રદર્શન, અષાઢી નવરાત્રનો પ્રારંભ, મહાકવિ કાલીદાસ દિન

**તા. ૨૭ શુક્રવાર**
અષાઢ સુદ બીજ, જગન્નાથ રથયાત્રા, મનોરથ અષાઢી બીજ, મોહરમ, હિજરી સન 1447નો પ્રારંભ

**તા. ૨૮ શનિવાર**
અષાઢ સુદ ત્રીજ, વિનાયક ચોથ, વિપદાતારિણી પૂજા, બંગાળ

**તા. ૨૯ રવિવાર**
અષાઢ સુદ ચોથ

## સુવિચાર

દરેક સવાર નવી તકો લઈને આવે છે, તેને ઓળખીને કાર્ય શરૂ કરો.

સમયના મૂલ્યને સમજીને જીવવું શ્રેષ્ઠ કાર્ય છે.